**વડોદરાના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,મુ.વડોદરા.**

ક્રિમિનલ કેસ નં.3993/2026
આંક–

ફરિયાદી– સરકાર

**વિરુધ્ધ**

આરોપી– (૧) મહેબુબશા અલ્લારખા દિવાન
(૨) ઝાહીરભાઇ ઉસ્માનભાઇ પઠાણ
(૩) દેવેંદ્રભાઇ બચુભાઇ તડવી
(૪) સુરેશભાઇ કંચનભાઇ વણકર
(૫) દિલીપભાઇ મંગાભાઇ વસાવા
(૬) સંતોષ વિઠ્ઠલરાવ ઇંગડે
(૭) ગજાનંદ વિઠ્ઠલરાવ સાવડે

**ગુનોઃ– જુગાર ધારા કલમ–૧૨ મુજબ.**

આ કામના આરોપી વિરુધ્ધ અત્રેની અદાલતમાં જુગાર ધારા કલમ–૧૨ મુજબ તપાસનીશ અમલદારે ચાર્જશીટ ફાઇલ કરેલ છે. આરોપીએ સમન્સ કરતા કોર્ટ રૂબરૂ હાજર થયેલ છે.આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં તેઓને પોલીસ તપાસનાં કાગળોની નકલો આપવામાં આવેલ અને આરોપીની પ્લી નોંધવામાં આવેલ જેમાં આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે અને અલગથી ગુનાની કબુલાત પુરસીસ આપી જણાવેલ છે કે, ગરીબ અને મજુર વર્ગના માણસ છે જેથી ઓછામાં ઓછી સજા અને દંડ કરવા વિનંતી કરેલ છે. આરોપી ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેવું સમજાવવામાં આવેલ તેમ છતાં સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરવા માંગે છે. આરોપી સામે જુગારધારા કલમ–૧૨ મુજબના ગુનાનું તહોમત છે તેમજ આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતાં, તેમાં જણાવેલ કારણો ધ્યાને લેતાં આરોપી નાની ઉંમરના, ગરીબ વર્ગના જણાઇ આવે છે. આરોપી કુટુંબમાં એકમાત્ર કમાનાર વ્યક્તિ છે અને બાળબચ્ચાની જવાબદારી છે. ગરીબ સ્થિતિને લીધે બચાવ કરવા સક્ષમ નથી. આ ઉપરાંત ગુનો કર્યાનો અફસોસ વ્યક્ત કરે છે અને ભવિષ્યમાં ગુનો નહિ કરવાની ખાત્રી આપે છે. જો ઓછી સજા અને દંડ કરવામાં આવે તો સમાજમાં માન, મોભા સાથે જીવી શકે તેવા પ્રયત્ન કરી શકે તેમ છે. આ ઉપરાંત એપેક્ષ કોર્ટના ચુકાદાઓ ધ્યાને લેતાં જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાને લઇ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઇ કરતાં ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની પ્રથા છે. જેથી આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઇ ઓછામાં ઓછી સજા અને દંડ કરવો ન્યાયોચિત જણાય છે જેથી સજા અંગે સાંભળ્યા બાદ ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**હુકમ**

(૧) આ કામના આરોપીઓને જુગારધારા કલમ–૧૨ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી, દરેક આરોપીએ રૂ.૧૦૦/– એમ કુલ સાત આરોપી દીઠ કુલ રૂા.૭૦૦/– (અંકે રૂપિયા સાતસો પુરા)નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૧૦ લેખે સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ પૈકી,રોકડ રકમ અપીલ સમય બાદ સરકાર ખાતે ખાલસા કરવી તથા અન્ય મુદ્દામાલનો નાશ કરવો.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૧૪/૦૩/૨૦૨૬
વડોદરા.

**(સૌમ્યા રાય)**
બીજા એડી જ્યુડી. મેજી.ફ.ક.,વડોદરા.
જજ કોડ – જીજે ૦૧૬૩૦